ગાંધીનગર સમાચાર
તા. ૯-૩-૨૦૧૫, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### ગુજરાત કોંગ્રેસમાં નેતૃત્વ પરિવર્તન

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના નવા કર્ણધાર તરીકે ભરતસિંહ સોલંકીએ જવાબદારી સંભાળી લીધી છે અને તેથી છેલ્લા ઘણા સમયથી કોંગ્રેસ વર્તુળોમાં નેતાગીરીના મુદ્દે ચાલતી અટકળોનો સ્વાભાવિક રીતે જ અંત આવી ગયો છે. કોંગ્રેસ એની એકસો ત્રીસ વરસની કારકિર્દીના સૌથી નબળા તબક્કામાંથી પસાર થઇ રહી છે ત્યારે જે પ્રદેશે કોંગ્રેસને ક્યારેક મહાત્મા ગાંધી અને સરદાર પટેલથી લઇ ઢેબરભાઇ અને મોરારજી દેસાઇ જેવા મોટા ગજાના લોકનાયકો ઉપલબ્ધ કરાવ્યા હતા તે જ પ્રદેશ છેલ્લા બે દાયકાથી ભાજપનો ગઢ બની રહેલ છે એટલું જ નહિં, પરંતુ ગુજરાતને રાજકીય પરિવર્તનની પ્રયોગશાળા જેવી નવી ઓળખ સાંપડી છે. ભાજપ જમણેરી મૂડીવાદી વિચારધારા ધરાવતા હિન્દુત્વ સમર્થક રાષ્ટ્રવાદી રાજકીય સંગઠન તરીકે લોકપ્રિયતાના શિખરે બિરાજે છે અને ગુજરાતમાં વિધાનસભાની સતત ત્રણ ચૂંટણીઓ જીતીને વિજયની હેટ્રિક લગાવનારા પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી એમની આગવી તાકાતથી દેશના વડાપ્રધાન બની શક્યા છે. મોદીના પેંગડામાં પગ ઘાલી શકે એ બરનો નેતા આજે દેશમાં દીવો લઇને શોધવા નીકળીએ તો પણ જડવો મુશ્કેલ છે. અટલ બિહારી વાજપેયી કરતાં અને કદાચ નહેરુ કે ઇન્દિરા ગાંધી કરતાં પણ વિશેષ લોકપ્રિય નિવડેલા મોદીએ દેશને 'કોંગ્રેસ મુક્ત' કરવાની કસમ ખાધી છે. એમણે સોનિયા-રાહુલની નેતાગીરી સામે પ્રજામાં નહીં, ખુદ કોંગ્રેસી વર્તુળોમાં શંકા-કુશંકાનાં વમળો સર્જ્યાં છે ત્યારે મોદીની હોમલેન્ડમાં મૃતપ્રાય બનેલી કોંગ્રેસને બેઠી કરવાનું કામ એ કોઇ ખાવાના ખેલ નથી. કોંગ્રેસ હાઇ કમાંડને પણ આ ગંભીર મુદ્દાનો ઉકેલ શોધવાં ઘણી ઊંડી મથામણ કરવી પડી છે. પ્રજામાં ઊંડે ઊંડે હજી કોંગ્રેસ પ્રત્યેનો સદ્‌ભાવ અકબંધ છે, પરંતુ કોંગ્રેસીઓ - ખાસ કરીને 'નેતા'ના રાજાપાઠમાં રહેવા ટેવાઇ ગયેલા સત્તા પરસ્ત આગેવાનો હતાશ થઇ ગયેલ છે. તેથી પ્રજા વચ્ચે પહોંચી જઇને એમનાં હૈયાં ઢંઢોળે એવો લોકનાયક જ એની આ દુર્દશાનો ઉકેલ બની શકે એમ છે. ચાવડા-સોલંકી પરિવારનો કોંગ્રેસમાં વર્ષોથી દબદબો રહ્યો છે. માધવસિંહ સોલંકીની નેતાગીરીમાં કોંગ્રેસ સુવર્ણકાળ જોયેલે છો. ૧૪૯ બેઠકોનો એમનો વિક્રમ નરેન્દ્ર મોદી પણ તોડી શક્યા નથી. હાઇ કમાંડે ભારે જહેમત પછી ભરતસિંહ સોલંકી ગુજરાતના વિચક્ષણ રાજપુરુષ - પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીના પુત્ર છે અને ઇજનેરી ભણેલા અનુભવી નેતા છે. કેન્દ્ર સરકારમાં એમને રેલવે અને ઉર્જાથી લઇ પેયજળ અને સેનિટેશન જેવા વિભાગો સફળતાપૂર્વક સંભાળેલા છે. અગાઉ એક વાર ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષની જવાબદારી પણ સંભાળી ચૂક્યા છે. એમને ગરીબો-વંચિતો અને દલિતો-આદિવાસીઓ તથા લઘુમતી પ્રત્યે સહાનુભૂતિ છે. કોંગ્રેસની નાવ મઝધારે હાલકડોલક થઇ રહી છે ત્યારે સુકાની બલલવાનો નિર્ણય સમયસરનો છે.



## જીટીયુમાં રાજયમાં બીજુ સ્થાન મેળવ્યું

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર ભાટ સ્થિત શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીની વિદ્યાર્થીની પ્રજ્ઞા વાલાએ એમ.સી.એ. સેમેસ્ટર-૩માં ૯.૪ એસ.પી.આઈ. મેળવી જીટીયુ યુનિવર્સિટીમાં બીજો નંબર પ્રાપ્ત કર્યો છે. સમગ્ર ગુજરાતમાં બીજું સ્થાન મેળવી કોલેજનું ગૌરવ વધારનાર વિદ્યાર્થીનીને કોલેજના ટ્રસ્ટીએ અભિનંદન પાઠવ્યા છે.






સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવણીનિ ભાગરૂપે રેલી યોજાઈ હતી. મહિલા વિકાસના સૂત્રો સાથે મહિલા જાગૃતિ માટે રેલી સેક્ટર-૨૩ના આસપાસના આંતરિક માર્ગો પર નીકળી હતી. શાળાની બાળાઓએ મહિલા જાગૃતિના પ્લેકાર્ડ સાથે નીકળેલી રેલીએ આકર્ષણ જમાવ્યું હતું. (તસવીર : દિપક જાની)


## કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા ખાતે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૮

કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા ખાતે આચાર્યા શ્રીમતિ ભાવનાબા વાઘેલાના અધ્યક્ષપદે શુભેચ્છા સમારોહ યોજાયો હતો. જેમાં મહેમાન પદે પ્રજાપિતા બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલયના મેઘા દીદી તથા જ્યોતિ દીદી તથા અગ્રણી વેપારી નવનીતભાઈ શાહ હાજર રહ્યા હતા. મેઘાદીદીએ ધો. ૧૦ અને ધો. ૧૨ના વિદ્યાર્થીઓને પરીક્ષાના ડર વગર ભગવાન સાથે છે જે તમને સફળ બનાવશે તેવી શુભેચ્છા પાઠવી હતી. ચીનુભાઈ સાહેબે વિદ્યાર્થીઓ દ્વારા શાળામાં વર્ષ દરમ્યાન કરેલા અભ્યાસને ચેલેન્જ ગણી પરીક્ષાના સાગરને પાર કરશે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. શાળાના આચાર્યા મેડમશ્રીએ વિદ્યાર્થીઓ પરીક્ષાને પરીક્ષા નહી પણ અવસર તરીકે આનંદપુર્વક તૈયાર કરેલ જ્ઞાન પ્રદર્શિત કરી અવશ્ય સફળતા મેળવી ઉચ્ચ પરિણામ લાવશે તેવી શુભેચ્છા પાઠવી હતી. ધો. ૧૦ અને ધો. ૧૨ના વિદ્યાર્થીઓ માટે અલ્પાહારના દાતા હસમુખભાઈ શાહ દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર શુભેચ્છા સમારંભનું સફળ સંચાલન નારાયણભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે આભારદર્શન બાબુભાઈ પ્રજાપતિએ કર્યું હતું. સમગ્ર શાળા પરિવારે ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.



## હરિની દૃષ્ટિ...



આજના દિવસે એટલું જ કહીશ કે... મહિલા પુરુષ સમોવડી થઇ ગઇ છે તે બહુ આનંદની વાત છે... પરંતુ ... પુરુષો આ વાતથી પ્રભાવિત થઇને મહિલા - સમોવડા થવા પ્રયત્ન કરશે તો એ ગંભીર ચિંતાનો વિષય બનશે.. !

## ઈકો ફ્રેન્ડલી ધૂળેટી ઉજવી પર્યાવરણ જાળવણીનો સંદેશ આપ્યો

### સંસ્કાર ગૃપે વૃક્ષોને ચંદન-તિલક કરી ધૂળેટી મનાવી

ગાંધીનગર, તા.૮

પાટનગરમાં હર્ષોલ્લાસ સાથે ધૂળેટી પર્વની ઉજવણી કરવામાં આવી. રંગોના પ્રવમાં સૌ કોઈએ મસ્તીથી જીવનને કલરફુલ બનાવ્યું અને હળીમળીનો ધૂળેટી પર્વ ઉજવ્યું. સંસ્કાર ગૃપ ગાંધીનગરે ધૂળેટી પર્વને અલગ અંદાજમાં ઉજવી સમાજને સંદેશો પાઠવ્યો. ધોરણ-૧૦-૧૨ બોર્ડના વિદ્યાર્થીઓને પણ શુભેચ્છા પાઠવી હતી.

ગાંધીનગર શહેરમાં સંસ્કાર ગૃપ ચેરીટેબલ ટ્રસ્ટ તહેવારોની ઉજવણીની સાથે પર્યાવરણ જળવણીનું કાર્ય કરે છે. દરેક તહેવારને સાંકળી તહેવાર મુજબ સમાજને સંદેશો પાઠવે છે. હોળી ધૂળેટીના પર્વની ઉજવણી પણ અનોખી રીતે જ કરી હતી. સંસ્કાર ગૃપ દ્વારા ઈકો ફ્રેન્ડલી ધૂળેટી ઉજવવામાં આવી હતી.

સંસ્કાર ગૃપે સે-૭ બગીચા ખાતે વૃક્ષોને ચંદન કંકુનું તિલક કરી પર્યાવરણ જાગૃતિનું મહત્વ સમજાવ્યું હતું તેમજ ચંદન કેસૂડાના ફુલોથી રંગી એકબીજાને ધૂળેટી ની શુભેચ્છા પાઠવી હતી. ત્યારબાદ બગીચા અને આજુબાજુમાં પ્લાસ્ટીક સહિતના કચરાની સફાઈ કરી વિસ્તારને મોતી જેવો બનાવવાનું કાર્ય કર્યું હતું.

સંસ્કાર ગૃપે ધો-૧૦ અને ધો-૧૨ના બોર્ડના જિલ્લાના અને શહેરના વિદ્યાર્થીઓને પરીક્ષાની શુભેચ્છા પાઠવી હતી. વિદ્યાર્થીઓ જીવનમાં જવલંત સફળતા હાંસલ કરે તે માટે ઈશ્વરને પ્રાર્થના કરી હતી.

## રાજ્યમાં નવી છ માધ્યમિક શાળા શરૂ કરવાની બહાલી

### નવી શાળામાં આગામી શૈક્ષણિક વર્ષથી પ્રવેશ મેળવાશે

અમદાવાદ, તા.૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યમાં નવી છ માધ્યમિક સ્કૂલ શરૂ કરવાની મંજુરી આપવામાં આવી છે જ્યારે ૨૪ માધ્યમિક શાળાઓ શરૂ કરવાની અરજીઓ ફગાવી દેવામાં આવી છે. નવી શરૂ થનાર શાળાઓમાં આગામી શૈક્ષણિક વર્ષથી પ્રવેશ મેળવી શકાશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષ બોર્ડની તાજેતરમાં મળેલી બેઠકમાં માધ્યમિક શાળાઓ ખોલવાની અરજીના નિકાલ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યમાં નવી છ શાળાઓને મંજુરી આપવામાં આવી છે તેમાં સૌથી વધુ ભાવનગર જિલ્લામાં ચાર માધ્યમિક શાળાઓનો સમાવેશ થાય છે જ્યારે એક શાળા ગાંધીનગર જિલ્લાની અને એક શાળા જામનગર જિલ્લાની છે. આ તમામ શાળાઓ ગુજરાતી માધ્યમમાં શરૂ થશે. આ ઉપરાંત શિક્ષણ બોર્ડ ૨૪ માધ્યમિક શાળાઓ શરૂ કરવાની અરજી ફગાવી દેવામાં આવી છે. જેમાં અમદાવાદ જિલ્લાની નવ અરજીઓ, ભરુચ જિલ્લાની છ અરજીઓ, અમરેલી, બનાસકાંઠા, ભાવનગર અને છોટા ઉદેપુર જિલ્લાની બે-બે અરજીઓ અને બોટાદ જિલ્લામાં એક માધ્યમિક શાળા ખોલવાની અરજીનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે, શિક્ષણ બોર્ડ દ્વારા જે સંસ્થાઓની માધ્યમિક શળાઓ શરૂ કરવાની અરજીનો સ્વીકાર કરવામાં આવ્યો છે તે સંસ્થાઓ દ્વારા આગામી શૈક્ષણિક વર્ષથી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે. આ ઉપરાંત શિક્ષણ બોર્ડ દ્વારા બનાવવામાં આવેલ તમામ નીતિ નિયમોનું પાલન કરવાનું રહેશે. જો તેનું પાલન નહીં કરાય તો શાળાને આપવામાં આવેલ મંજુરી રદ કરી દેવામાં આવશે.

## ધોરણ ૧૦, ૧૨ના પ્રશ્નપત્રો ઝોનલ ઓફિસે મોકલાયા છે

આગામી ૧૨મી માર્ચથી શરૂ થઈ રહેલ ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાની વ્યવસ્થાને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે જે અંતર્ગત ધોરણ ૧૦ અને ૧૨ના પરીક્ષા પ્રશ્નપત્રો જે તે જિલ્લા શિક્ષણાધિકારીઓની કચેરી ખાતે મોકલી આપવામાં આવ્યા છે. સાથે જ બોર્ડની પરીક્ષાને એક્શન પ્લાન પણ શિક્ષણાધિકારની કચેરીઓ દ્વારા જાહેર કરી દેવામાં આવ્યા છે. એટલું જ નહીં તમામ પરીક્ષા મથકોએ પર બેઠક વ્યવસ્થાની વિગતો પણ જાહેર કરી દેવામાં આવી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્મમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૧૨મી માર્ચથી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા લેવામાં આવનાર છે. આ પરીક્ષામાં ધોરણ ૧૦ અને ૧૨ના મળી કુલ ૧૮ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. જે માટે ધોરણ ૧૦ અને ૧૨ના પરીક્ષા કેન્દ્રોની પણ જાહેરાત કરી દેવામાં આવી છે.

જિલ્લાઓમાં પરીક્ષા માટે ઝોનલ ઓફિસ પણ ચાલુ કરી દેવામાં આવી છે ત્યારે શિક્ષણ બોર્ડ દ્વારા પણ ધોરણ ૧૦ અને ૧૨ના પરીક્ષા પ્રશ્નોપત્રો પણ સંબંધિત જિલ્લા પરીક્ષા કેન્દ્રો ખાતે મોકલી આપવામાં આવ્યા છે. આ ઉપરાંત પરીક્ષાનો કન્ટ્રોલરુમ પણ આગામી ૧૧મી માર્ચથી શરૂ કરી દેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ જિલ્લા કલેક્ટર દ્વારા પણ શનિવારે બોર્ડની પરીક્ષા માટેનું જાહેરનામુ બહાર પાડી દેવામાં આવ્યું છે જે અંતર્ગત પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મિટરની અંદર કોઈપણ પ્રકારનું ઝેરોક્ષ સેન્ટર ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે.

# વૈકલ્પિક વિવાદ-નિરાકરણની પદ્ધતિમાં 'મીડીએશન' એ સર્વોચ્ચ અદાલત દ્વારા લેવાયેલો શ્રેષ્ઠ અભિગમ છે

**મહિલા સમાજ અને કાયદા**

- ડો. ભાવના કે. જોશીપુરા

આપણે મમતા અને અંકુરના કેસની ચર્ચા કરી રહયા હતા. મમતાએ અનેક અલગ અલગ પ્રકારના કેસો અંકુર તથા તેના ઘરના સભ્યો ઉપર દાખલ કરેલ છે અને આ દાવાઓ સંદર્ભે અને કેસો સંદર્ભે બંને વચ્ચેની ખાઈ મોટી થતી જતી હોય તેવું સમજી શકાય છે.

મમતા તથા તેના ઘરના સભ્યોનું એવું સ્પષ્ટપણે માનવું છે કે અંકુરના ઘરના સભ્યો કેસ દાખલ થયા છતા પણ કંઈ સમજવા તૈયાર નથી. જયારે અંકુર તથા તેના ઘરના સભ્યો એવું માને છે કે માત્ર કેસોને આધાર પર સમાધાન શકય નથી. બંનેની વાતોને જો તટસ્થ ભાવે મૂલ્યાંકન કરીએ તો મમતાને જો તેના સાસરી પક્ષ તરફથી જો ખરેખર માનસીક ત્રાસ થયો હોય અને તેણીને ફરીયાદ કરી હોય તો આવી ફરીયાદ થતા સામાપક્ષના લોકોએ પોતાની ભુલ સમજીને સમાધાનની ભૂમિકા ઉભી કરવી જોઈએ. મમતાએ જો ખરેખર ત્રાસ ન હોય અને છતાં કોઈના કહેવાથી કે માત્ર સામાપક્ષ પર દબાણ લાવવા જો ફરીયાદ કરી હોય તો મમતાએ ફરીયાદ અંગે સત્ય હકીકત રજુ કરીને સમાધાનની ભૂમિકા તરફ આગળ વધવું જોઈએ.

મમતા અને અંકુરનો એટલો પેચીદો મામલો થઈ ગયો છે કે હવે અંકુરના ઘરના મમતાને સાસરીમાં જ લાવવા માંગતા નથી. દિવસો, મહિનાઓ અને ઘણીવાર તો વર્ષો વીતી જાય છે. મમતાના કેસમાં પણ તમામ કેસો ચાલવા સંદર્ભે દિવસો અને મહિનાઓ વીતતા ગયા. હવે તો બંને પક્ષના લોકો કોર્ટમાં આવે તો પણ એકબીજાની સામું જોવા તૈયાર નથી. કોર્ટ દ્વારા મીડીએશન સેન્ટરમાં પણ કેસ મોકલવામાં આવે છે. પરંતુ મમતા અને અંકુરના સંજોગો એવા ઉભા થાય છે કે મીડીએશનની મુદતે જ બંનેમાંથી કોઈ એક પક્ષકારને મીડીએશન સેન્ટરમાં નહી આવવા બાબતે સમસ્યા ઉભી થાય છે. કોઈકવાર અંકુરના માતા ગંભીર બીમાર હોય છે તો વળી, કોઈવાર મમતાના બાળકને દવાખાનામાં દાખલ કરેલ હોય છે. બંને પક્ષકારો પોતપોતાની રીતે સાચા છે. પરંતુ એક યા બીજા કારણસર વિવાદના નિરાકરણ માટે મધ્યસ્થી સમક્ષ આવી શકતા નથી. છેવટે મીડીએશન સેન્ટરમાંથી પણ ફાઈલ કોર્ટમાં પરત આવે છે.

અગાઉના અંકોમાં મીડીએશન સેન્ટર અંગે આપ વાચકોને વિગતવાર જણાવવામાં આવેલ છે. વૈકલ્પિક વિવાદ નીરાકરણની પદ્ધતિમાં - મીડીએશન - એ સર્વોચ્ચ અદાલત દ્વારા લેવાયેલો શ્રેષ્ઠ અભિગમ છે. કોર્ટોમાં કેસોનો ભરાવો, કોર્ટમાં દિનબદિન વધતું જતું ભારણ અને કેટલા સંજોગોમાં કેટલીકવાર લડવાને બદલે સમજાવટથી ઉકેલ લાવી શકાય છે. તેવી બાબતને લઈને આપણા દેશમાં લગભગ તમામ રાજયોમાં અને મોટાભાગના જિલ્લાઓમાં મીડીએશન સેન્ટર કાર્યરત છે. જે વ્યકિતઓ - મીડીએટર - તરીકે સેવા આપે છે તેઓને સર્વોચ્ચ અદાલત અંતર્ગત ખાસ પ્રકારની તાલીમ આપવામાં આવે છે. સીનીયર ધારાશાસ્ત્રીઓ અને સમાજ સેવકોને મીડીએટર તરીકે પસંદ કરવામાં આવે છે. મીડીએટરે સમસ્યાના ભૂલ સુધી પહોંચીને ઉભા થયેલ પ્રશ્નના નિરાકરણ માટેના વિકલ્પો શોધીને જે શ્રેષ્ઠ વિકલ્પ બંને પક્ષકારોના હિતમાં હોય તે બાબતે ઉંડો રસ લઈને બંને પક્ષકારોને સમજાવવાના હોય છે.

મમતા અને અંકુરના કેસમાં મીડીએશન સેન્ટરમાં બંને પક્ષકારોને પહોંચી શકવાનું શકય બનતુ નથી અને આમ, કેસની ફાઈલ મીડીએશન સેન્ટરમાંથી અદાલતમાં પાછી આવે છે. આ બધી બાબત દરમિયાન અંકુરને પોતાનો દિકરો ખૂબ યાદ આવે છે અને અંકુર દિકરાને મળવા દેવા માટે મમતાને વિનંતી કરે છે. પરંતુ મમતા અને ઘરના સભ્યો આ બાબતને નકારી દે છે. અંકુર ફેમીલી કોર્ટમાં બાળક તરલના વાલીપણા અને કબ્જા અંગે દાવો દાખલ કરે છે. દાવાના ચાલતા કામે વચગાળાની રાહત રૂપે બાળકને કોર્ટમાં મળવાની અદાલત પાસે વિનંતી કરે છે.

ફેમીલી કોર્ટમાં ચાલતા દાવાઓમાં અદાલત ખૂબ જ સંવેદના પૂર્વક બંને પક્ષકારોને સાંભળે છે. વકીલોની ગેરહાજરીમાં માત્ર પક્ષકારોને બોલાવીને પણ જજ સાહેબ પોતે કાઉન્સેલીંગ કરે છે. અંકુર અને મમતાના કેસમાં ફેમીલી કોર્ટમાં કાર્યવાહી શરૂ થતા બંને પક્ષકારોને ફરજીયાત એકલા સાથે બેસાડવામાં આવે છે. ઘણા મહિનાઓ અને વર્ષોથી જે પતિ-પત્નિ અને બાળક એકબીજાને મળ્યા નથી તેઓનો મેળાપ થાય છે. પછી તો મમતા, અંકુર અને બાળક તરલ દર મુદતે બહાર ફરવા પણ કોર્ટમાંથી જાય છે. એકબીજા પ્રત્યે જે અણસમજ અને વેરભાવના ઉભી થયેલી છે. તે ધીમે-ધીમે દૂર થતી હોય તેવું લાગે છે.

પતિ અને પત્નિ વચ્ચે લગ્ન વિષયક તકરારમાં ખૂબ જ સંવેદના સાથે આગળ વધવાનું હોય છે. જેમ, કાચના ઘરમાં એક નાનકડો પણ પથ્થર જો નાખવામાં આવે તો તિરાડ પડે છે. તેવું લગ્નવિષયક તકરારમાં ઘણીવાર બનતું જોવા મળે છે. અંકુર તો પોતાના બાળક પ્રત્યે લાગણીશીલ છે. અને અંકુરે બાળકને ભણાવો જોઈએ, તેના સંદર્ભે કાળજી લેવી જોઈએ તેવી બધી બાબત અંકુરની સમજણમાં આવતી જતી હોય છે. પંરતુ અંકુરના ઘરના સભ્યોએ હજી જૂના વિવાદોને કારણે ખૂબ નારાજ છે. દરેક વખતે મમતાએ ખોટા કેસ કેમ કર્યા? તેવું જ રટણ ચલાવે છે અને એ રીતે સમાધાન બાબતે કોઈ હકારાત્મક અભિગમ અપનાવવા તૈયાર નથી.

મમતા, અંકુર અને તરલ કોર્ટની પરવાનગીથી બહાર ફરવા જાય છે. અંકુર મનોમન નક્કી કરે છે કે ઘરના સભ્યો ભલે તૈયાર ન હોય પરંતુ બાળકના હિતને લક્ષમાં લઈને મમતા સાથે સમાધાન કરશે. અંકુર વાતવાતમાં મમતાને પુછે છે કે હવે મમતા ભવિષ્યમાં અંકુર કહેશે એમ કરશે ને ? મમતાને સાથે રહેવા આવવા માટે પણ પુછે છે. મમતા એવો જવાબ આપે છે કે મમતાનો બધો નિર્ણય એ મમતાનો ભાઈ જ લઈ શકે. આ એક વાકય ઉપર અંકુરના મનમાં એમ થાય છે કે પોતે ઘરના સભ્યોથી ઉપરવટ બધું જતું કરીને સમાધાન કરે તો પણ મમતા આવો જવાબ આપે તે કેમ ચાલે?

મમતા અને અંકુર જેવી અનેકની સમસ્યા છે. અને સમસ્યાઓના નિરાકરણ પણ થતાં હોય છે. ગઈકાલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ હતો. ૮ માર્ચ વિશ્વમહિલા દિવસે વૈશ્વિક રીતે આવેલો સંદેશો એ **"Make it Happen"** આપવામાં આવેલો છે. લગભગ પાંચ-સાત વર્ષ પહેલા ભપડકારોનો સામનો કરવા સાથે નિર્ણયશકિતમાં ભાગીદારીભ એ પ્રકારનો સંદેશો આપવામાં આવેલો આ બંને બાબતોને ભેગું કરતા એવું લાગે કે મમતા પોતાના જીવન અંગેનો નિર્ણય કરવા અંગે જો સક્ષમ હોય તો? જો મમતા કદાચ એવા પ્રકારના વાતાવરણમાંથી આવે છે કે પોતાનો નિર્ણય કરવા સક્ષમ નથી તો ચાલો આપણે જે બાબતો બોલ્યા છીએ, જે બાબતે ચિંતન કર્યું છે તેને કાર્યમાં વ્યવહારિક રીતે અમલમાં મૂકવા કટીબદ્ધ થઈએ અને એમ પણ કહી શકાય કે, .... ચાલો કૃતિશીલ થઈએ.

નવા કાયદા વિવરણ સાથે મળીએ આવતા અંકે...